
REVIEW OF RESEARCH
ISSN: 2249-894X
IMPACT FACTOR : 5.2331(UIF)
VOLUME - 7 | ISSUE - 2 | NOVEMBER – 2017

# ઈનોવેશન સેલમાં પસંદ પામેલ પ્રાથમિક શાળાના નવતર પ્રયોગનો વ્યકિત અભ્યાસ



ડૉ. રોહિત. સી. પટેલ
(એમ.કૉમ.,એમ.ઍડ.,પીએચ.ડી.)
લેક્ચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન નવસારી

**સંશોધન સારાંશ/ RESEARCH ABSRACT**

ગણિત વિષયમાં કરવામાં આવેલ 'ગણિત મેઝીક બોક્ષ' નામનો નવતર પ્રયોગ જે રાષ્ટ્ર કક્ષાએ પણ સન્માનિત થઈ ચુકયો છે. તેના ઉપર પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.પ્રસ્તુત સંશોધનનો હેતુ નવતર પ્રયોગની માહિતી એકત્રિત કરી તેના શિક્ષણમાં યોગદાન વિશે જાણવું.નવસારી જિલ્લામાં 2014 મા કરવામાં આવેલ નવતર પ્રયોગો પૈકી બેસ્ટ 6 માંથી એક નવતર પ્રયોગની પસંદગી સહેતુક પદ્ધતિએ નમૂનાત રીકે પસંદ કરવામાં આવ્યું હતુ.વ્યકિત અભ્યાસ પદ્ધતિએ સંશોધન હાથ ધરવામાં આવ્યું હતુ.માહિતી એકત્રિત કરવા માટે મૂકત જવાબોવાળી પ્રશ્નાવલિની રચના કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ ગુણાત્મક વિશ્લેષણ રીતે કરવામાં આવ્યું હતુ.પ્રસ્તુત સંશોધનના તારણો આ મુજબ હતા.નવતર પ્રયોગ દ્વારા ગણિત વિષયમાં રસ પડવા લાગ્યો હતો.મેઝીક બોક્ષથી ગણિત વિષય શીખવવામાં ખૂબ જ સરળતા રહે છે.ગણિતના કઠિન મુદ્દાઓ રમતા રમતા શીખે છે.શિક્ષકની ગેરહાજરીમાં પણ બાળકો ગણિત શીખી શકે છે.મેઝીક બોક્ષની મદદથી બાળકો સ્વ અધ્યયન કરતા થયા છે.

## પ્રસ્તાવના

નવસારી જિલ્લામાંથી કુલ–6 શિક્ષકોને નવતર પ્રયોગ બદલ સન્માનવામાં આવ્યા હતા. જેમાંનો ગણિત વિષયમાં કરવામાં આવેલ 'ગણિત મેઝીક બોક્ષ' નામનો નવતર પ્રયોગ જે રાષ્ટ્ર કક્ષાએ પણ સન્માનિત થઈ ચુકયો છે. તેના ઉપર પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રયોગ કરનાર શિક્ષકે આ પ્રયોગ કેવા સંજોગોમાં કર્યો તેની વિશિષ્ટતાઓ શી છે, જેનાથી ગણિત શિક્ષણમાં કયા લાભો રહેલ છે વગેરે જેવા પ્રશ્નોના ઉત્ત્યારો મેળવવા માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

**સમસ્યા :** પ્રસ્તુત સંશોધનની સમસ્યા નીચે મુજબ હતી.

ઈનોવેશન સેલમાં પસંદ પામેલ પ્રાથમિક શાળાના નવતર પ્રયોગનો વ્યકિત અભ્યાસ

## સંશોધનના હેતુઓ :

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ હતા.

1) નવતર પ્રયોગ વિશે જાણકારી પ્રાપ્ત કરવી.
2) શ્રેષ્ઠ નવતર પ્રયોગમાં પસંદ પામેલ પ્રયોગ અંગે માહિતી મેળવવી.
3) શ્રેષ્ઠ નવતર પ્રયોગમાં પસંદ પામેલ પ્રયોગનું શિક્ષણમાં યોગદાન વિશે અભ્યાસ કરવો.

## સંશોધન પ્રશ્નો :

પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો નીચે મુજબ હતા.

1)નવતર પ્રયોગ એટલે શું ? તેમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

2) શ્રેષ્ઠ નવતર પ્રયોગમાં પસંદ પામેલ પ્રયોગ કેવો છે ?

3)શ્રેષ્ઠ નવતર પ્રયોગમાં પસંદ પામેલ પ્રયોગનું શિક્ષણમાં શું યોગદાન છે?

## સંશોધનનું મહત્વ :

પ્રસ્તુત સંશોધનનું મહત્વ નીચે મુજબ છે.

1) પ્રસ્તુત સંશોધન દ્વારા નવતર પ્રયોગ એટલે શું તે જાણી શકાશે તેમજ નવતર પ્રયોગમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે તે અંગેની જાણકારી પ્રાપ્ત થઈ શકે છે.
2) પ્રસ્તુત સંશોધન દ્વારા ગણિત વિષયને નવતર પ્રયોગ દ્વારા કઈ રીતે રસપ્રદ અને સરળ બનાવી શકાય તે જાણવું મહત્વનું છે.

3) નવતર પ્રયોગ દ્વારા શિક્ષણમાં કેવા પ્રકારનું યોગદાન કરી શકાય તે જાણવા માટે પ્રસ્તુત સંશોધન મહત્વનું છે.
4) અન્ય વિષયોને રસપ્રદ અને સરળ બનાવવા પ્રસ્તુત સંશોધન મહત્વનું દિશાસૂચન આપી શકે છે.
5) શિક્ષકોને શિક્ષણમાં નવતર પ્રયોગ કરવા માટે પ્રસ્તુત સંશોધન પ્રેરણાસ્ત્રોત બની રહેશે.

### સંશોધનનું સીમાંકન :

પ્રસ્તુત સંશોધનનું સીમાંકત નીચે મુજબ કરવામાં આવ્યું હતું.
1) પ્રસ્તુત સંશોધન નવસારી જિલ્લામાં પસંદ પામેલ છ શ્રેષ્ઠ નવતર પ્રયોગમાંથી એક પ્રયોગ પૂરતું જ સીમિત હતું.
2) પ્રસ્તુત સંશોધન નકકી કરેલ મુદ્દાઓને આધારે જ અભ્યાસ કરવામાં આવ્યો હતો.

### સંશોધન પધ્ધતિ :

પ્રસ્તુત સંશોધનમાં પ્રશ્નાવલિની મદદથી માહિતી એકત્રિત કરવામાં આવી હતી. પ્રશ્નાવલિમાં દરેક પ્રશ્નોમાં મૂકત જવાબો આપવાના હતા.ઉપકરણ મદદથી પ્રાપ્ત મૂકત જવાબોને ઘ્યાનપૂર્વક વાંચી તેનું સામાન્યીકરણ કરી તાર્કિક ચિંતન દ્વારા માહિતી પૃથકકરણ કરવામાં આવ્યું હતું આમ, પ્રસ્તુત સંશોધન ગુણાત્મક પ્રકારનું સંશોધન હતું.

### વ્યાપવિશ્વ અને નમૂનો :

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે નવસારી જિલ્લામાં જે શિક્ષકોએ નવતર પ્રયોગો જમા કરાવ્યા હતા તે લેવામાં આવ્યું હતું. નવસારી જિલ્લામાંથી કુલ 750 જેટલાં નવતર પ્રયોગો સબમીટ કરવામાં આવ્યા હતા. જેમાંથી 6 જેટલા પ્રયોગોને શ્રેષ્ઠ નવતર પ્રયોગ તરીકે સન્માનવામાં આવ્યા હતા.

પ્રસ્તુત સંશોધનમાં નમુના તરીકે 6 શ્રેષ્ઠ નવતર પ્રયોગમાંથી 1 પ્રયોગની નમુના તરીકે પસંદગી કરવામાં આવી હતી. નમૂનો સહેતુક પધ્ધતિએ પસંદ કરવામાં આવ્યો હતો.

### ઉપકરણ :

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રિત કરવા માટે મુલાકાત પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં પ્રશ્નોની રચના કરવામાં આવેલ હતી. તેના પ્રતિભાવોની નોંધ કરવામાં આવી હતી.

### માહિતી એકત્રિકરણની રીત :

પ્રસ્તુત સંશોધન માટે જરૂરી માહિતી સંશોધકે રૂબરૂ જઈ મુલાકાત પધ્ધતિએ એકત્રિત કરી હતી. આ માટે પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રશ્નોના ઉત્તરોને નોંધવામાં આવ્યા હતા. આ રીતે સંશોધન માટે જરૂરી માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

### માહિતી પૃથ્થકરણની રીત :–

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત કરેલ માહિતી મુકત જવાબો રૂપે હતી. તેથી દરેક પ્રશ્નોના જવાબોનું વ્યવસ્થિત વાંચન કર્યા બાદ પ્રશ્નદીઠ તાર્કિક ચિંતન કરી તેમાંથી જે બાબતો સામાન્ય હોય ઓ હેતુ સાથે સુસંગત હોય તેવી બાબતોને જુદી તારવીને પૃથકકરણ કર્યુ હતું. આ રીતે માહિતીનું પૃથકકરણ કર્યા બાદ તેનું અર્થઘટન કરવામાં આવ્યું હતું.

### તારણોઃ-

પ્રસ્તુત સંશોધનમાં નીચે મુજબ તારણો પ્રાપ્ત થયા હતા.

1. ઉપરોકત નવતર પ્રયોગ દ્વારા ગણિત વિષયમાં રસ પડવા લાગ્યો હતો.
2. મેઝીક બોક્ષથી ગણિત વિષય શીખવવામાં ખૂબ જ સરળતા રહે છે.
3. ગણિતના કઠિન મુદ્દાઓ રમતા રમતા શીખે છે.
4. શિક્ષકની ગેરહાજરીમાં પણ બાળકો ગણિત શીખી શકે છે.
5. મેઝીક બોક્ષની મદદથી બાળકો સ્વ અઘ્યયન કરતા થયા છે.
6. અન્ય તાલુકા અને જિલ્લાની શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ગણિત મેઝીક બોક્ષનો ઉપયોગ કરવા લાગ્યા છે.
7. ગણિત મેઝીક બોક્ષનો ગણિત શિક્ષણમાં ઉપયોગ કરવાથી ગણિત વિષયના પરિણામમાં ખુબ સારો સારો સુધારો જોવા મળ્યો હતો.

**શૈક્ષણિક ફલિતાર્થો:-**

પ્રસ્તુત સંશોધનના શૈક્ષણિક ફલિતાર્થો નીચે મુજબ હતા.

1. ગણિત જેવા વિષયને આ પ્રકારના બોક્ષની મદદથી રસપ્રદ બનાવી શકાય છે.
2. અન્ય વિષયોમાં આ પ્રકારના મેઝીક બોક્ષ બનાવી વિષયને સરળ અને રસપ્રદ બનાવી શકાય.
3. ગણિતના અન્ય અઘરા પ્રકરણોને આ પ્રકારના બોક્ષથી સરળ બનાવી શકાય.
4. ભાષાના વિષયોમાં આ પ્રકારના બોક્ષની મદદથી કિવઝ બનાવી શકાય.
5. નવતર પ્રયોગથી વિષયને વધુ સરળ અને રસપ્રદ બનાવી શકાય.

**સમાપન:-**

કોઈપણ વિષયને સરળ અને રસપ્રદ બનાવવો હોય તો તેમાં નવતર પ્રયોગ થવા જોઇએ. નવતર પ્રયોગથી વિષયના શિક્ષણમાં સુધારો થાય છે તેમ જ તેના પરિણામાં પણ સુધારો થાય છે. અઅ રીતે નવતર પ્રયોગ દ્ધારા શિક્ષક પોતાની વ્યાવસાયિક સજજતામાં પણ સુધારો વધારો કરી શકે છે. આમ, પ્રસ્તુત સંશોધન શિક્ષકોને નવતર પ્રયોગ કરવા માટે પ્રેરણાદાયી અને માર્ગદર્શકરૂપ બની રહેશે.

**સંદર્ભ સૂચિ**

૧. દેસાઇ,હરિભાઇ જી. અને ત્રિવેદી, મનુભાઇ ડી.1982. ***શૈક્ષણિક સંશોધનની રૂપરેખા.*** રાજકોટઃ સૌરાષ્ટ્ર યુનિર્વસિટી. ગુજરાત રાજય.

૨. દેસાઇ, એચ. જી., કે.જી. 1997. ***સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ.***અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.

૩. શાહ, દિપીકા.2004.***શૈક્ષણિક સંશોધન.*** અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.

**web site**

www.google.com

www.yahoo.com